પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૬ | ૨૭ માર્ચ, ૨૦૨૧, શનિવાર; ફાગણ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં સૌથી ઝડપી કોરોના સંક્રમણ

**પાંચ જ દિવસમાં એક્ટિવ કેસનો આંકડો ૪ લાખથી વધુ થયો : દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૫૯ હજાર કેસ, ૨૫૭ લોકોના મોત : ૨૪ કલાકમાં ૩૨,૯૮૭ રિકવરી થયા, કુલ કેસ ૧,૧૮,૪૬,૬૫૨, એક્ટિવ કેસ ૪,૨૧,૦૬૬, કુલ મૃત્યુ ૧,૬૦,૯૪૬ : મહારાષ્ટ્રમાં ૨૪ કલાકમાં ૩૫૯૫૨ પોઝિટિવ કેસ નોંધાયા**



ન્યુ દિલ્હી,તા.૨૬

કોરોના વાયરસની ભારતમાં એન્ટ્રીને એક વર્ષથી વધુ સમય વીતી ગયો છે પરંતુ હજુ તેનો પ્રકોપ ઘટ્યો હોય તેવું લાગતું નથી. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૯ હજારથી વધુ દર્દીઓ નોંધાયા છે જે ખરેખર ચિંતાજનક વાત છે. છેલ્લા પાંચ મહિનામાં દેશમાં એક દિવસમાં સૌથી વધુ નોંધાયેલા કેસનો આંકડો છે. આ સાથે જ એકવાર ફરીથી દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા પણ ચાર લાખને પાર ગઈ છે. દેશમાં પાંચ જ દિવસમાં એક્ટિવ કેસની સંખ્યા એક લાખને પાર ગઈ. સૌથી વધુ પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્ર છે. આ ઉપરાંત ગુજરાત,પંજાબ સહિત અનેક રાજ્યોમાં કોરોના વકરી રહ્યો છે. રાજ્યો અને કેન્દ્ર સરકાર પોત પોતાના સ્તરે કોરોનાને કાબૂમાં લેવા માટે જરૂરી પગલાં લઈ રહી છે. ૨૯ માર્ચે હોળી છે જેને લઈને લગભગ મોટા ભાગના રાજ્ય સરકારોએ હોળીના જાહેર કાર્યક્રમો પર પ્રતિબંધ લગાવ્યો છે.

છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના નવા

● અનુસંધાન પાન-૭ પર

## મુંબઈમાં કોરોના હોસ્પિટલમાં આગ ભભૂકી : ૧૦ના મોત

**આશ્ચર્યજનક..! ભાંડુપ વિસ્તારમાં હોસ્પિટલ મોલના ત્રીજા માળે હતી**

મુંબઇ,તા.૨૬

કોરોનાની સૌથી ભયંકર સ્થિતિનો સામનો કરી રહેલા મહારાષ્ટ્રના મુંબઈમાં આગની એક ગોઝારી ઘટનાએ ૧૦ લોકોના જીવ લીધા છે. મુંબઈના ભાંડુપમાં કોરોના હોસ્પિટલમાં આગ ભભૂકી ઉઠતા ૧૦ દર્દીઓના કરૂણ મોત નિપજ્યા છે. મુંબઈના ભાંડુપ વિસ્તારમાં આવેલા ડ્રીમ મોલમાં ત્રીજા માળે આવેલી ખાનગી હોસ્પિટલમાં આગ લાગી હતી. ૧૨ કલાકથી આ આગ પર કાબુ મેળવી શકાયો નથી.

કોવિડ હોસ્પિટલાં જ્યારે આગ લાગી તે સમયે હોસ્પિટલમાં ૭૦થી વધુ દર્દીઓ હતા. જેમાં મોટા ભાગના કોરોનાના દર્દીઓ હતા. ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડની ટીમ મદદ માટે દોડી આવી હતી. ફાયર વિભાગ દ્વારા દર્દીઓને બચાવી લેવાની કામગીરી ચાલી રહી છે.

**ચોથા માળે આવેલી હોસ્પિટલમાંથી ૭૦ દર્દીઓનું રેસ્ક્યૂ કરાતા જીવ બચ્યા, આગ લાગી ત્યારે કોરોના ૭૬ દર્દી સારવાર લઇ રહ્યાં હતા : મુખ્યમંત્રી ઠાકરેએ મૃતકોના પરિજનોને ૫ લાખની સહાય જાહેર કરી, મુંબઈના મેયરે મોલની અંદર હોસ્પિટલ જોઇ આશ્ચર્ય વ્યક્ત કર્યું**





મુખ્યમંત્રી ઠાકરેએ મૃતકોના પરિજનો માટે ૫ લાખની સહાયની પણ જાહેરાત કરી અને ભવિષ્યમાં આવી ઘટના ન બને તેની પણ તકેદારી રાખવાની વાત કરી. તેમણે કહ્યું કે હું તમને ખાતરી આપું છું કે જે કોઈનો પણ દોષ હશે તેમને સજા કરવામાંઆવશે. હું છેલ્લા એક વર્ષથી કોરોનાની

● અનુસંધાન પાન-૭ પર

## સમગ્ર મહારાષ્ટ્રમાં આવતીકાલથી નાઈટ કર્ફ્યુ

**ચાર મહાનગરોમાં સંપૂર્ણ લોકડાઉન માટે ગૃહમંત્રીની ચેતવણી : મોલ અને સિનેમાઘરો ૭ વાગ્યે બંધ કરવાના હુકમો : દેશમાં કોરોનાનું આગમન થયું ત્યારથી કોરોના સંક્રમણના મામલે મહારાષ્ટ્ર મોખરે છે, આ સ્થિતિમાં એક વર્ષ પછી પણ કોઈ મોટો ફેરફાર થયો નથી**

મુંબઈ, તા. ૨૬

કોરોનાના વધતા જતા સંક્રમણથી દેશમાં હાહાકાર છે. તેમાં પણ મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમણ એટલુ ઝડપથી ફેલાઈ રહ્યુ છે કે, રાજ્ય સરકાર ચોંકી ઉઠી છે.

મહારાષ્ટ્ર સરકારની મોડીસાંજે જાહેર કરાયેલ યાદીમાં સમગ્ર રાજ્યમાં ૨૮મીએ રાત્રે ૮ વાગ્યાથી રાત્રિ કર્ફ્યુ લાગુ કરવામાં આવશે. બીજો હુકમ ન થાય ત્યાં સુધી રોજ રાત્રે ૮ થી સવારે ૬ વાગ્યા સુધી કરફ્યુ અમલી બનશે. આ ઉપરાંત તમામ મોલ, રેસ્ટોરન્ટ અને સિનેમાઘરોને ૭ વાગ્યે બંધ કરવાના આદેશો અપાયા છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન અજીત પવારે મોટુ નિવેદન આપતા કહ્યુ છે કે, જો લોકો કોરોનાની ગાઈડલાઈનનુ પાલન નહીં કરે તો રાજ્યામં સંપૂર્ણ લોકડાઉન લગાવવા માટે સરકારને મજબૂર થવુ પડશે.

ઉલ્લેખનીય છે કે, દેશમાં કોરોનાનુ આગમન થયુ ત્યારથી કોરોના સંક્રમણના મામલે મહારાષ્ટ્ર મોખરે રહ્યુ છે.આ સ્થિતિમાં એક વર્ષ પછી પણ કોઈ મોટો ફેરફાર થયો નથી.હજી પણ કોરોનાના સૌથી વધુ કેસ મહારાષ્ટ્રમાં જ આવી રહ્યા છે.આ સંજોગોમાં હવે રાજ્ય સરકારને ના છુટકે સંપૂર્ણ લોકડાઉન લાગુ કરવા માટે ધમકી આપવી પડી છે.

જોકે એ પછી પણ મહારાષ્ટ્રમાં સ્થિતિ સુધરશે કે કેમ તે સવાલ છે. દરમિયાન મહારાષ્ટ્રમાં કોરોના વાયરસની સ્થિતિને લઈને આજે રાજ્યના તમામ જિલ્લા કલેકટર સાથે મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે એક બેઠક પણ કરવાના છે.

● અનુસંધાન પાન-૭ પર

## સાયરસ મિસ્ત્રીને હટાવવાના નિર્ણયને સુપ્રીમે યોગ્ય ઠેરવ્યો

**સાયરસ મિસ્ત્રી દ્વારા કરાયેલી અપીલને ફગાવાઈ**

નવી દિલ્હી, તા. ૨૬

ઉદ્યોગપતિઓ રતન ટાટા અને સાયરસ મિસ્ત્રી વચ્ચે ચાલી રહેલા કાનૂની જંગમાં સુપ્રીમ કોર્ટે ટાટા ગ્રૂપની તરફેણમાં ચુકાદો આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે, સાયરસ મિસ્ત્રીને ટાટા સન્સના કાર્યકારી અધ્યક્ષ પદેથી હટાવવાનો નિર્ણય યોગ્ય હતો.ભારતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ બોબડે તેમજ બીજા બે જજની બેન્ચે નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલના નિર્ણય સામે ટાટા સન્સની અપીલને મંજૂરી આપી હતી અને સાયરસ મિસ્ત્રી તેમજ તેમના શાપુરજી પાલનજી ગ્રૂપ દ્વારા કરાયેલી અપીલને ફગાવી દીધી હતી.

આ પહેલા એનસીએલએટી દ્વારા ૨૦૧૯માં સાયરસ મિસ્ત્રીને કાર્યકારી અધ્યક્ષ પદે યથાવત રાખવાનો આદેશ આપ્યો હતો. જેની સામે ટાટા સન્સે સુપ્રીમ કોર્ટના દરાવાજા ખખડાવ્યા હતા. સુપ્રીમ કોર્ટે ટાટા ગ્રૂપની ફેવરમાં ચુકાદો આપતા પહેલા ૧૦ જાન્યુઆરીએ એનસીએલએટીના આદેશ પર રોક લગાવી હતી. ટ્રિબ્યુનલે કહ્યુ હતુ કે ૨૦૧૬માં ટાટા સન્સની બોર્ડ બેઠકમાં થયેલી કાર્યવાહી તેમજ તેમાં સાયરસ મિસ્ત્રીને અધ્યક્ષ પદેથી હટાવવાનો નિર્ણય યોગ્ય નહોતો.

## બાંગ્લાદેશની આઝાદી માટે હું પણ જેલમાં ગયો હતો : મોદી

**વડાપ્રધાને ઢાકાના રાષ્ટ્રીય શહીદ સ્મારક ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ આપી : પાકિસ્તાનની સેનાએ જે અત્યાચાર કર્યા તે તસવીર વિચલિત કરનારી હતી, ભારત-બાંગ્લાદેશની મિત્રતા પર ગર્વ**





ઢાકા,તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસીય પ્રવાસ પર બાંગ્લાદેશ પહોંચ્યા છે અહીં તેમણે ઢાકાના નેશનલ પરેડ સ્ક્વેયરમાં યોજાયેલા નેશનલ ડે પ્રોગ્રામમાં ભાગ લીધો છે. તેમની સાથે બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના પણ ઉપસ્થિત રહ્યા છે. કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે આ વર્ષે ભારત-બાંગ્લાદેશ મિત્રતાના ૫૦ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે.

તેમણે કહ્યું કે હું યુવા હતો અને ત્યારે બાંગ્લાદેશ મુક્તિ સંગ્રામ સાથે જોડાયેલ એક આંદોલનનો ભાગ બન્યો હતો. આ માટે જેલ પણ ગયો હતો. તેમણે કહ્યું કે બાંગ્લાદેશની આઝાદી માટેની તડપ ભારતમાં પણ હતી. પાકિસ્તાનની સેનાએ જે અત્યાચાર કર્યા તે તસવીર વિચલિત કરનારી હતી. જેણે ઘણા દિવસો સુધી ઉંઘવા દીધા ન હતા.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિ અબ્દુલ હામિદ જી, પ્રધાનમંત્રી શેખ હસીના અને બાંગ્લાદેશના લોકોનો આભાર વ્યક્ત કરું છું. તમે આ સમારોહમાં આવવા માટે ભારતને આમંત્રણ આપ્યું છે. બંગબંધુએ બાંગ્લાદેશ અને અહીંના લોકો માટે પોતાનું જીવન ન્યોછાવર કરી દીધુ. ભારતીયો માટે ગૌરવની વાત એ છે કે તેમને ગાંધી શાંતિ સન્માન આપવાની આ તક મળી છે.

વડાપ્રધાન મોદીએ રહ્યું કે હું આજે યાદ કરી રહ્યો છું કે બાંગ્લાદેશના જે લાખો દિકરા-દિકરીઓને જેમને પોતાના દેશ, ભાષા તથા સંસ્કૃતિ માટે અસંખ્ય અત્યાચાર સહન કર્યાં. બલિદાન આપ્યા. પોતાનું જીવન દાવ પર લગાવી દીધું. બાંગ્લાદેશની સ્વતંત્રતાના સંઘર્ષમાં સામેલ થવું તે મારા જીવનના પહેલા આંદોલનો પૈકી એક હતું. તે સમયે મારી ઉંમર ૨૦-૨૨ વર્ષ હશે. પાકિસ્તાનની સેનાએ અહીં લોકો પર અત્યાચાર કર્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કોઈપણ તાકાત બાંગ્લાદેશને ગુલામ બનાવી શકે નહીં. તેમણે કહ્યું કે, જે લોકોને બાંગ્લાદેશના અસ્તિત્વ પર શંકા હતી. બાંગ્લાદેશના લોકોએ તેમને

● અનુસંધાન પાન-૭ પર

## રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ છાતીમાં દુખાવો થતાં હોસ્પિટલમાં દાખલ

નવી દિલ્હી

ભારતના રાષ્ટ્રપતિ રામાનથ કોવિંદને આજે વહેલી સવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સવારથી તેમને છાતીમાં દુઃખાવો થઈ રહ્યો હોવાથી તેમને આર્મી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. ત્યાં તેમની રૂટીન તપાસ કરવામાં આવી હતી. જો કે હાલમાં તેઓ સ્થિર હોવાનું જણાવાયું છે. આર્મી હોસ્પિટલ દ્વારા જાહેર કરવામાં આવેલા બુલેટિનમાં જણાવાયું છે કે રાષ્ટ્રપતિના સ્વાસ્થ્ય પર નજર રાખવામાં આવી રહી છે અને તેમની તબીયત સ્થિર છે.

પીએમ નરેન્દ્ર મોદીએ તેમના હાલચાલ પૂછ્યા હતા. પીએમઓ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદન મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના પુત્ર સાથે વાતચીત કરી હતી અને પૃચ્છા કરી હતી તેમજ તેમને જલ્દી સ્વસ્થ થવા શુભકામના પાઠવી હતી. તાજેતરમાં જ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કોરોના રસીનો પ્રથમ ડોઝ લીધો હતો. રાષ્ટ્રપતિણ તેમના પત્ની સાથે આર્મી હોસ્પિટલમાં કોરોના વેક્સિન મુકાવી હતી.

## સેન્સેક્સમાં ૫૬૮ પોઈન્ટનો ઊછાળો

મુંબઈ, તા. ૨૬

હોળી પહેલા સ્થાનિક શેરબજારોમાં ટ્રેડિંગ સપ્તાહના છેલ્લા સત્રમાં સારી ખરીદી જોવા મળી હતી. બીએસઈ સેન્સેક્સ ૫૬૮.૩૮ અંક અથવા ૧.૧૭ ટકાના વધારા સાથે ૪૯,૦૦૮.૫૦ પોઈન્ટના સ્તર પર બંધ રહ્યો છે. એ જ રીતે, એનએસઈ નિફ્ટી ૧૮૨.૪૦ પોઈન્ટ અથવા ૧.૨૭ ટકા વધીને ૧૪,૫૦૭.૩૦ પોઈન્ટના સ્તર પર બંધ થયો છે. બધા ક્ષેત્રીય સૂચકાંકો લીલાનિશાન પર બંધ થયા છે. નિફ્ટી મેટલ ઈન્ડેક્સમાં ૬.૬ ટકાનો વધારો જોવાયો છે. નિફ્ટીમાં ટાટા સ્ટીલ, બજાજ ફિનસર્વ, એશિયન પેઈન્ટ્સ, હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ અને ટાટા મોટર્સમાં સૌથી વધુ તેજી નોંધાઈ છે. જોકે, યુપીએલ, આઈશર મોટર્સ, પાવરગ્રિડ કોર્પ, ઈન્ડસઈન્ડ બેંક અને આઈટીસીના શેર લાલ નિશાન પર બંધ થયા છે.

સેન્સેક્સ પર બજાજ ફાઈનાન્સના શેર ૪.૩૮ ટકાના વધારા સાથે બંધ થયા છે.

## હરિદ્વારમાં મેળાની મુદત ઘડાટીને એક માસ કરાઈ

દહેરાદૂન, તા. ૨૬

દેશભરમાં પુનઃ વકરેલા કોરોનાના સંક્રમણને પગલે ઈતિહાસમાં સૌ પ્રથમવાર હરિદ્વારમાં યોજાનારા કુંભ મેળાનો સમયગાળો ૩.૫ મહિનાથી ઘટાડીને એક મહિનાનો કરી દેવાયો છે. આ ઉપરાંત આ પવિત્ર મેળામાં આવનારા યાત્રાળુઓએ ૭૨ કલાકથી જૂનો ના હોય તેવો નેગેટિવ આરટી-પીસીઆર ટેસ્ટનો રિપોર્ટ ફરજિયાત દર્શાવવાનો રહેશે. આ મામલે જારી કરાયેલા જાહેરનામાં અનુસાર ઉત્તરાખંડના હરિદ્વાર ખાતે આગામી ૧-૩૦ એપ્રિલ સુધી કુંભમેળાનું આયોજન કરાશે. જ્યારે ત્રણ શાહી સ્નાન ૧૨, ૧૪ અને ૨૭ એપ્રિલના રોજ યોજાશે.

## ફાઈઝર-બાયોટેકે ૧૨ વર્ષથી નીચેના બાળકો પર ટ્રાયલ શરૂ કરી

નવી દિલ્હી, તા. ૨૬

ભારત સહિત વિશ્વભરમાં કોરોના વાયરસે ફરી વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. આ સાથે જ વેક્સિનેશન અભિયાન પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે અમેરિકન વેક્સિન ઉત્પાદક કંપની ફાઈઝર ઈંક અને બાયોટેક એસઈ દ્વારા ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં વેક્સિનનું ટ્રાયલ શરૂ કરી દેવામાં આવ્યું છે.

એવું માનવામાં આવે છે કે, વેક્સિનેશન માટેની ઉંમર ૨૦૨૨ સુધીમાં એક્સપાન્ડ કરી દેવામાં આવશે. ફાઈઝરના પ્રવક્તા શેરોન કેસ્ટિલોના કહેવા પ્રમાણે વેક્સિનેશનના પ્રારંભિક તબક્કામાં બુધવારે પહેલા વોલન્ટિયરને વેક્સિન આપવામાં આવી હતી. આના પહેલા મૉડર્નાએ અમેરિકામાં બાળકો પર વેક્સિન ટ્રાયલ શરૂ કરી હતી જેને કીડકોવ નામ આપવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત અમેરિકા અને કેનેડામાં ૬ મહિનાથી લઈને ૧૧ વર્ષની ઉંમર ધરાવતા ૬,૭૫૦ બાળકોને ટ્રાયલ માટે રજિસ્ટર કરવામાં આવ્યા છે. ભારતમાં સીરમ ઈન્સ્ટિટ્યુટ પણ બાળકો માટે વેક્સિન લાવવાની તૈયારીમાં છે. આ વેક્સિન બાળકોને તેમના જન્મના એક મહિનાની અંદર આપવામાં આવશે.

ઉપરાંત ભવિષ્યમાં કંપની આ વેક્સિનને દવા તરીકે પણ વિકસિત કરશે જેથી કોરોનાથી સંક્રમિત બાળકોને તે આપી શકાય.







